### સંખેડા તાલુકાના પાનિયાપુરા શાળામાં

# સંસ્કૃત દિવસ તેમજ કવિ ઝવેરચંદ મેઘાણીના જન્મ દિનની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ)બહાદરપુર,તા.૩૦

ડીજિટલ અને સ્માર્ટ ન.વ.પાનીયાપુરા- ૧ પ્રા. શાળામા સંસ્કૃત દિવસ અને મેઘાણી જન્મ દિવસ ની ઉજવણી કરવામા આવી.

છોટાઉદેપુર જીલ્લાના સંખેડા તાલુકાની ન.વ.પાનીયાપુરા -૧ પ્રા. શાળા માં તા - ૨૯ -૮-૨૦૧૯ ના રોજ સ્પોર્ટ્સ ડે ની સાથે ઝવેરચંદ મેઘાણી જન્મ દિન અને સંસ્કૃત દિવસ ની ઉત્સાહ્પૂર્વક ઉજવણી કરવામા આવી. જેમા વિદ્યાર્થીઓએ શાળાની સમ્પૂર્ણ પ્રાર્થના સંસ્કૃત માં કરી હતી. વળી નાના બાલકોએ ત્રિકાળ સંધ્યા, મધુરાષ્ટકમ, ભવાન્યષ્તટકમ, સરસ્વતી વંદના સાથે વિવિધ વૈદિક શ્લોક અને મંત્રોચ્ચારથી શાળાનુ વાતાવરણ સંસ્કૃતમય બનાવ્યુ હતુ. આજના ટેક્નોલોજી ના ડીજીટલ યુગમા આપણી વૈદિક સંસ્કૃતિ અને ભાષાને ટકાવી રાખવા માટે આ શાળાએ ઉત્તમ પ્રયાસ કર્યો. સંસ્કૃત ભાષાના મહત્વ અને તેના શ્લોક મંત્રની શક્તિ વિષે મુકેશભાઇ પ્રજાપતિએ માર્ગદર્શન અને સમજ આપી અને તે માટે વિદ્યાર્થીઓને તૈયારી કરાવી હતી. શાળા અન્ય શિક્ષકોએ સહકાર આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ શાળા સંખેડા તાલુકાની એક માત્ર ડીજીટલ, સ્માર્ટ, અને વાઇ- ફાઇ કેમ્પસ ધરાવતી શાળા છે. વળી છોટાઉદેપુર જીલ્લાની લોકલ બોડીની આ એક માત્ર શાળા છે જ્યા વિદ્યાર્થીઓ ને ટેબ્લેટ થી શિક્ષણ આપવામા આવે છે, બે સ્માર્ટ ક્લાસ છે, જેમા ઇ- કન્ટેંટ થી ભણાવાય છે.

ન.વ.પાનીયાપુરા - ૧ શાળા મુકેશભાઇ પ્રજાપતિ ના માર્ગદર્શનમા આવા વિવિધ દિવસ અને કાર્યક્રમ ની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામા હમેશા અગ્રેસર રહી શિક્ષણ જગતને ઉદાહરણ આપે છે.

### અમદાવાદના ઉદ્યોગપતિને રૂા.૪.૪૩ લાખનો ચુનો ચોપડી ભેજાબાજ ઠગ ફરાર

વડોદરા, તા.૩૦

ઓનલાઈન એડવાન્સ પેટે રૂપિયા એક લાખનો ચેક મોકલ્યા પછી જાણીતી કેબલ કંપનીને ઓર્ડર આપી રૂપિયા ૪૪૩ લાખની કિંમત ધરાવતા વાયરનો જથ્થા મંગી લીધા પછી ભેજાબાજઠગ નિકુંજ પરમાર ઓફિસને તાળા મારી ફરાર થઈ ગયો હોવાનો બનાવ માંજલપુર પોલીસ મથકે નોંધાયો હતો. પ્રાથમિક તપાસમાં અન્ય ચાર વેપારીઓ પાસેથી પણ માલસામાન મંગાવી લેવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતુ.

પોલીસ વર્તુળો દ્વારા પ્રાપ્ત માહિતીનુસાર અમદાવાદ નારણપુરા ખાતે આદિત્ય કોર્પોરેશન નામે કંપનીનું સંચાલન કરતા કેતનભાઈ વિઠ્ઠલભાઈ મોદી વીજ ઉત્પાદનોનો સામાનનું વેચાણ કરે છે. ગત નવેમ્બર ૨૦૧૮માં કંપનીના મેઈલ આઈડી પર ઈલેક્ટ્રીકલ કેબલની ઈન્કવાયરી આવી હતી. આથી પ્રફોર્મા ઈનવોઈલ મેઈલ આઈડીથી વડોદરાના નિકુંજ પરમાર ઉર્ફે વિમલ પ્રજાપતિએ ડીસેમ્બર માસમાં પરચવેઝ ઓર્ડર રવાના કર્યો હતો. પરચેઝ ઓર્ડરની સાથે રૂપિયા એક લાખનો એડવાન્સ ચેક રવાના કર્યો હતો. પરફેકટ ઈલેકટ્રીકલ સેલ્સ એન્ડ સર્વિસના નામે નિકુંજ પરમારે વાત કરી હતી. અને જણાવ્યું હતું કે ઓર્ડર મુજબ માલ મોકલી આપાપો અને ૧૫ દિવસ પછી ખાતામાં ચેક જમા કરાવશો.

અમાદવાદથી વડોદરા દોડી આવેલા કેતનભાઈ એન્ડ સર્વિસના સરનામે તપાસ કરતા ઓફિસને તાળુ મારી ભેજાબાજ નિકુંજ પરમાર ફરાર થયો હોવાનું બહાર આવ્યું હતું. ભેજાબાજ ઠગ નિકુંજ પરમારનું અસલીનામ વિમલ પ્રજાપતિ હોવાનુ બહાર આવ્યું હતું. માંજલપુર પોલીસ મથકે ભેજાબાજ ઠગ વિમલ પ્રજાપતિ વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યું હતું.

### ઉચી પ્રતિમા લાવનારાઓ ચેતે

## હાઈટેન્શનનો વાયર ટેમ્પાને અડતા ગણેશ મંડળના યુવાનનું મોત

વડોદરા, તા.૩૦

વડોદરા શહેર જીલ્લામાં ગણેશોત્સવની ઉજવણીની ઘડીઓ ગણાય રહી છે તેવા સમયે નાની-મોટી ગણેશજીની પ્રતિમાઓનું ધૂમધામ પુર્વક આગમન થઈ રહયું છે. પરંતુ બીજી તરફ મોટી અને ઉઠચી મૂર્તિઓના આગમન સમયે ઉત્સુક ગણેશ ભકતોના મંડળોને લાલબત્તી સમાન વીજ વાયરના વીજ કરંટ લાગવાના બનાવથી કુલ ત્રણ વ્યકિતના મોત નિપજી ચુકયા છે.

ભરૂચના અંકલેશ્વર ખાતે વીજ કરંટ લાગવાના બનાવ બાદ વડોદરા જીલ્લા પાદરા ટાઉનમાં ગણેશની મોટી અને ઉઠચી પ્રતિમા લાવતી વેળાએ હાઈટેન્શનના વીજ વાયરના કરંટ લાગતા એક યુવાન રાહુલ પરમારનું મોત નિપજયું હતું. જેથી ગામનો ગણેશોત્સવ ઉલ્લાસ મંગલને બદલે દુઃખ અશોકમાં પરિણમ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગણેશોત્સવ પ્રારંભને ગણતરીના કલાકો બાકી રહયા છે ત્યારે વડોદરા નજીક પાદરા તાલુકાના



ગોવિંદપુરા ગામે ગણેશજીની મૂર્તિને યુવક મંડળ દ્વારા સ્થાપન કવા માટે વાજતે ગાજતે લાવવામાં આવી રહી હતી. એ દરમિયાન લાઈટીંગ માટેના ટેમ્પા પર લગાડેલ ફલેગની દાંડી હાઈટેન્શનના વીજ તારને અડક્ષ જતા ટોલી પર રહેલા રાહુલ પ્રવિણસિંહ પરમારનું વીજ કરંટ લાગ્યો હતો. અને ગણેશજીના આગમનનો ઉત્સાહ ઓસરી ગયો ઓવો જ એક બનાવ ભરૂચના અંકલેશ્વર ટાઉન ખાતે બનાવા પામ્યો હતો. જેમાં બે યુવાનોના વીજ કરંટ લાગવાથી મોત નિપજયા હતા.

# રંગપુર નાકા પાસેથી લેલન ટેમ્પો ટ્રકમાં લઈ જવાતા અખાદ્ય ગોળ સાથે બે ઈસમોને પકડી પાડયા




છોટાઉદેપુર, તા.૩૦

છોટાઉદેપુર જીલ્લા પોલીસ અધિક્ષક એમ.એસ.ભાભોરનાઓના માર્ગદર્શન હેઠળ છોટાઉદેપુર ડિવીઝન વિસ્તારમાં પ્રોહીબીશનના કાયદાનું કડક રીતે પાલન થાય તેમજ પ્રોહી બુટલેગરો પોતાની ગેરકાયદેસરની પ્રવૃત્તિ કરતા અટકે તે હેતુથી નાયબ પોલીસ અધિક્ષક એ.વી. કાટકડનાઓએ પોતાના અંગત બાતમીદારો સક્રિય કરેલ અને અંગત બાતમીદાર થકી બાતમી હકીકત મળેલ એક લેલન ટેમ્પો ટ્રક નંબર એમપી ૧૧ એચ ૧૧૭૬માં દારૂ ગાળવા માટો ઉપયોગમાં લેવાતો અખાધ્ય ગોળ ભરીને મધ્યપ્રદેશ બાજુથી છોટાઉંદેપુર તરફ આવી રહેલ છે.

જેથી ચોકકસ હકીકત આધારે છોટાઉંદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારના રંગપુર નાકા પાસે વોચ નાકાબંધીમાં ગોઠવાઈ ગયેલ થોડીવારમાં બાતમી હકીકતમાં જણાવ્યા મુજબની લેલન ટેમ્પો ટ્રક સામેથી આવતા તેને કોર્ડન કરી ઉભી રાખાવેલ સદર લેલને ટેમ્પો ટ્રકમાં તપાસ કરતા પાછળના ભાગે દારૂ ગાળવા માટે ઉપયોગમાં લેવાતો અખાધ્ય ગોળના કટ્ટા નંગ. ૯૭૦ કુલ કિલોગ્રામ ૯,૭૦૦/- કિંમત રૂા. ૧,૯૪,૦૦૦/- થા લેલન ટેમ્પો ટ્રક નંબર એપી ૧૧ એચ ૧૧૭૬ની કિંમત ૧૨,૦૦,૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૧૩,૯૪,૦૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૭૦ (ક) મુજબ છોટાઉંદેપુર પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી આગળની તપાસ તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

આમ, નાયબ પોલીસ અધિક્ષક એ.વી.કાટકડ છોટાઉંદેપુર વિભાગ, છોટાઉંદેપુર તથા તેઓના સ્ટાફ દ્વારા દારૂ ગાળવા માટે ઉપયોગમાં લેવાતો અખાધ્ય ગોળ તથા લેલન ટેમ્પો ટ્રક સાથે બે આરોપીએ પકડી પાડી કુલ કિંમત રૂા.૧૩,૯૪,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓ વિરૂધ્ધ છોટાઉંદેપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહીમીશનનો ગુન્હો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દેશી શરાબના જથ્થા સાથે યુવાનની ધરપકડ કરાઈ

વડોદરા, તા.૩૦

રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં. ૬ની સામે વિદેશી શરાબના જથ્થા સાથે પવનકુમારને પોલીસે દબોચી લીધો હતો. પોલીસે વિદેશી શરાબનો જથ્થો કબ્જે લીધો હતો. સયાજીગંજ પોલીસે નશાબંધી ધારા હેઠળ પવનકુમાર યતિની ધરપકડ કરી તી. પોલીસ કમિશ્નર અનુપસિંહ ગેહલોના આદેશને પગલે વિદેશી શરાબની હેરાફેરી તથા ઘરફોડ ચોરી ડામવા અંગે વિવિધ પોલીસ મથક હેઠળના વિસ્તારોના વાહન તપાસણી અને ઓચિંતા દરોડો પાડવાની કામગીરી જારી છે. દરમિયાન સયાજીગંજ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર એસ. જી. સોલંકીના માર્ગદર્શન હેઠળ સર્વેસન્સ સ્ક્વોડના સ્ટાફે મળેલી બાતમીના આધારે વોચ ગોઠવી હતી.

રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં. ૬ ની સામેથી પસાર થતા અજાણ્યા, શખ્સને આંતરી લઈ પોલીસે માલ સામાનની તલાસી લીધી હતી. તલાશી દરમિયાન વિદેશી શરાબનો જથ્તો મળી આવ્યો હતો. પોલીસે રૂપિયા ૧૩ હજારથી વધુની કિંમત ધરાવતો વિદેશી શરાબનો જતો કબ્જે લીધો હતો. સયજીગંજ પોલીસ મથકે નશાબંધી ધારા હેઠળ નોંધાયેલી ફરીયાદના આધારે પોલીસે મધ્યપ્રદેશથી ધરપકડ કરી હતી.

### ઈન્ટેલીજન્સ બ્યુરોના અહેવાલ બાદ સુરક્ષા દળો સામે પડકારો

# જૈશના આત્મઘાતી બોંબરો મોટા હુમલાઓને અંજામ આપી શકે

નવી દિલ્હી,તા.૩૦

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબુદી બાદ હવે પાકિસ્તાન જુદી જુદી હરકત ઉશ્કેરણીજનક રીતે કરી રહ્યુ છે. આ દિશામાં ભારતમાં રક્તપાત સર્જવા માટેના તેના પ્રયાસ જારી રહ્યા છે. પાકિસ્તાન ત્રાસવાદઓને પરોક્ષ રીતે મદદ કરીને ભારતમાં મોટા હુમલા કરવાના પ્રયાસમાં છે. આવી સ્થિતીમાં સુરક્ષા દળોની સામે અનેક નવા પડકારો આવી ગયા છે. તેમની યોજનાને નિષ્ફળ કરવાની બાબત સરળ નથી. કેટલાક રાજ્યોમાં આત્મઘાતી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. મળેલી માહિતી મુજબ જૈશે મોહમ્મદના ખતરનાક આઠ આતંકવાદીઓ હાલમાં પંજાબ અને જમ્મુ કાશ્મીરમાં છુપાયેલા હોવાના અહેવાલ મળી રહ્યા છે અને આ આતંકવાદીઓ મોટા હુમલાને અંજામ આપી શકે છે. ઈન્ટેલીજન્સ બ્યુરો દ્વારા સુરક્ષા સંસ્થાઓ સાથે બે ખાસ પ્રકારની માહિતીની આપલે કરી છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, મૌલાના મસૂદ અઝહરના નેતૃત્વમાં જૈશે મોહમ્મદના તાલીમ પામેલા આત્મઘાતી ત્રાસવાદીઓ પાકિસ્તાનથી ઘુસણખોરી કરી ચુક્યા છે. તેમના ટાર્ગેટ સેના અને અન્ય સુરક્ષા સંસ્થાઓના કેમ્પ હોઈ શકે છે. આઈબી દ્વારા આપવામાં આવેલી માહિતી ખુબ જ સંવેદનશીલ છે અને આને ધ્યાનમાં લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. બંને રાજ્યોમાં સુરક્ષા દલોને એલર્ટ ઉપર મુકી દેવામાં આવ્યા છે. એવું જાણવા મળી રહ્યું છે કે, જૈશે મોહમ્મદના આ આતંકવાદીઓ પઠાણકોટમાં આઈએએફ બેઝ ઉપર ગયા વર્ષે કરવામાં આવેલા હુમલા જેવા ભીષણ હુમલાને અંજામ આપી શકે છે. હેવાલ મુજબ એક ગ્રુપ જમ્મુ કાશ્મીરમાં ઘુસી ગયું છે જ્યારે અન્ય ગ્રુપ શ્રીનગર તરફ ઘુસી ગયું છે. ચાર આતંકવાદીઓ જમ્મુ સેક્ટરમાં ઘુસણખોરી કરી ગયા છે. નરોવાલમાં રહેલા વિસ્તાર મારફતે આ લોકો જમ્મુ સેક્ટરમાં ઘુસી ગયા છે. પૂંચ સેક્ટરમાં સરહદ ઉપર ભારતીય સેના ફરજ બજાવે છે જ્યારે આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ગુરદાસપુર ખાતે બીએસએફ ફરજ બજાવે છે. જિલ્લા પોલીસ લાઈન કેમ્પસ પુલવામાં જમ્મુ કાશ્મીર પોલીસના પરિવાર રહે છે. અહીં પહેલાથી જ સુરક્ષા વધારી દેવામાં આવી છે. સુત્રોનું કહેવું છે કે, જૈશે મોહમ્મદના ત્રાસવાદીઓ સુરક્ષા દળોને થાપ આપીને ઘુસી ગયા બાદ ખતરા દેખાઈ રહ્યા છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, જૈશે મોહમ્મદના ૧૧ આત્મઘાતી હુમલાખોરો પૈકીના આઠ ત્રાસવાદીઓ ખીણ અથવા તો પંજાબમાં હજુ છુપાયેલા છે અને આ ત્રાસવાદીઓ સેના, સીઆરપીએફ, જમ્મુ કાશ્મીર પોલીસને ટાર્ગેટ બનાવી શકે છે. આના કારણે જોરદાર ખતરો તોળાઈ રહ્યો છે. સુરક્ષા દળોને ખુબ સાવધાનીપૂર્વક હાલમાં આગળ વધવાની જરૂરીયાત દેખાઈ રહી છે. જમ્મુ કાશ્મીર અને પંજાબમાં પહેલાથી જ ત્રાસવાદીઓ હુમલા કરતા રહ્યા છે. આવી સ્થિતિમાં વધુ હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. મૌલાના મસુદ અઝહર મોટા હુમલાને અંજામ આપવા માટે પોતાના સાગરિતોને કડક સુચના આપી ચુક્યો છે.ત્રાસવાદી હુમલાના ખતરા હાલમાં કાશ્મીરમાં જુદા જુદા ઘટનાક્રમના દોર વચ્ચે જારી છે. ત્રાસવાદી પાકિસ્તાનમાં વધારે સક્રિય દેખાઈ રહ્યા છે.

## ઘરમાં રમતા બાળકને સાપે ડંશ મારતા મોત

વડોદરા, તા.૩૦

વાઘોડીયા તાલુકાના હિંમતપુરા ગામે એક અઢી વર્ષના બાળકને સર્પે દસ મારતા માસુમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

બનાવની વિગત એવી છે કે, વાઘોડીયા તાલુકાના હિંમતપુરા ગામે રહેતો અઢી વર્ષનું બાળક ઘરમાં રમતો હતો. બે વખતે એક ઝેરીલો સાપ ઘરમાં ઘુસી આવ્યો હતો. અને ઘરમાં રમતા બાળકને સાપે ડંસ મારી દીધો હતો. જેથી બાળક રડવા લાગતા પરિવારજનોએ સાપને ડંશ મારીને ઘરની બહાર નિકળતા જોવા મળ્યો હતો. જેથી ઘરના લોકોએ સાપને પકડવા માટે દોડયા હતા. પરંતુ સાપને પકડવો અશકય લાગતા ભેગા થયેલા લોકોએ સાપને મારી નાંખ્યો હતો. બીજી તરફ બાળકને સારવાર માટે નજીકના દવા દવાખાને લઈ જવામાં આવતા પણ મોત તેનું નિપજયું હતું.

### ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોત્રીમાં પ્રવેશ શરૂ

વડોદરા તા.૩૦

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોત્રી ઓગષ્ટ-૨૦૧૯ દરમિયાન પ્રવેશ કાર્યક્રમ શરૂ છે. સંસ્થા ખાતે વિવિધ અભ્યાસક્રમો માટેની બેઠકોમાં પ્રવેશની કામગીરી શરૂ છે. વર્ષ-૨૦૧૯માં પ્રવેશ કામગીરી શરૂ હોય સંપર્ક નં. (૦૨૬૫) ૨૩૯૨૩૦૭ પર સંપર્કકરવા ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોત્રીના આચાર્યશ્રીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## પાણીના કાયમી નિરાકરણ માટે નર્મદા ડેમથી ખુણે ખૂણે પાણી પહોંચાડવા સરકાર કટિબધ્ધ : વિજય રૂપાણી

ગાંધીનગર,તા.૩૦

સતત દુષ્કાળનો સામનો ક્રી રેલા કચ્છ જિલ્લામાં આ વષે મેઘમહેર થતા સાર્વત્રિક વરસાદ બાદ ભૂજ સ્વામિ નારાયણ મંદિર, દ્વારા આયોજીત મેઘલાડુ મહોત્સવ પ્રસંગે રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રીએ કચ્છીઓની ખુમારીને યાદ કરતાં કચ્છીઓએ હસતા હસતાં સંઘર્ષ કરીને હંમેશા કચ્છને કુદરતી આફતમાંથરી બેઠુ કર્યુ હોવાનો ગૌરવપૂર્ણ ઉલ્લેખ કર્યો હતો.આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં નર્મદા ડેમથી પીવા અને સિંચાઈના પાણીને ખૂણે ખૂણે પહોંચાડવા માટે સરકાર કટીબધ્દ હોવાનું જણાવી કચ્છમાં પણ નર્મદાના કામો ઝડપથી પૂર્ણ કરવા અગ્રીમતાથી કામ કરી રહી હોવાનું ઉમેર્યુ હતું. કચ્છ જિલ્લો નંદનવન બને તે દિશામાં સરકાર સતત પ્રયત્નશીલ હોવાનું જણાવી મુખ્યમંત્રીએ કહયું હતું કે, કચ્છના તમામ ડેપો અને તળાવો નર્મદાના પાણીથી ભરવા માટે રાજય સરકાર કચ્છ જિલ્લાને વિશેષ સવલત ઉપબલ્ધ કરાવી જિલ્લો વધુને વધુ સમૃધ્ધ બને તે દિશામાં સતત કામ કરી રહી છે.મુખ્યમંત્રીએ દુકાળ સમયે કચ્છ લખાપત અને અબડાસાના અંતરીયાળ ગામોમાં પ્રવાસ કરીને લોકોની વચ્ચે જઈને તેમના ઘરે ખાટલા પર બેસીને મિટીંગ કરીને લોકોના પ્રશ્નો સાંભળી નિરાકરણ લાવ્યું હોવાનું જણાવ્યું હતું. મુખ્મયંત્રીએ સ્પષ્ટપણે કહ્યુંકે, કચ્છમાં વારંવાર દુકાળનો સામનો કરવો પડી રહયો છે.

shri dinesh mills ltd.
CIN: L17110GJ1935PLC000494
P.B.No.2501, Padra Road, Vadodara – 390 020 Tel No. 0265 – 2330060 / 61 / 62,
Fax No. 0265 – 2336195, Email: sojitra@dineshmills.com Website: www.dineshmills.com

**NOTICE**

Members of the Company are hereby informed that, the Company has completed the despatch of the Annual Report containing the Notice of 84th Annual General Meeting (AGM) to be held on Thursday, 26th September, 2019 for transacting the business as stated in the Notice dated 25th May, 2019 and other particulars pursuant to Regulation 47 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015 read with Rule 20 of the Companies (Management & Administration) Rules, 2014 are furnished below:

1. Date of completion of dispatch of Annual Reports including the Notice of 84th AGM: 29th August, 2019 by electronic mode and 30th August, 2019 by physical mode.
2. Date & time of commencement of e–voting: 23rd September, 2019. (09.00 a.m.)
3. Date & time of end of e–voting: 25th September, 2019. (05.00 p.m.)
4. E–voting by electronic mode shall not be allowed beyond 5.00 p.m. on 25th September, 2019.
5. The Annual Report for the year 2018–2019 including Notice of the 84th AGM and procedure for e–voting has been sent to all the shareholders by prescribed modes and the same are also displayed on the website of the Company at the link **http://suiting.dineshmills.com/annual.php**
6. Cut–off date for determining the voting rights: 19th September, 2019.
7. The Login ID and Password will be sent by NSDL to all shareholders at their Email IDs registered with their Depository Participant(s) and for the members who hold shares in physical mode can prefix 111326 with their folio no. as LOGIN ID and for Password, contact the Company to cast their votes electronically.

For any queries /grievances connected with e–voting, members may refer to the Frequently Asked Questions (FAQs) for shareholders and e–voting user manual available at the Downloads Section of **www.evoting.nsdl.com**

Mr. Kashyap Shah, Practicing Company Secretary, Email: **kashyap.cs@gmail.com** Phone No.(0265) 2362244 is appointed as Scrutinizer for conducting the e–voting process in a fair and transparent manner.

For Shri Dinesh Mills Ltd.
SD/-
J. B. Sojitra
Executive Director (Corporate Affairs) & Company Secretary

Place : Vadodara
Date : 30/08/2019

Jay Kreations

INEOS STYROLUTION

**ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ**

**સીઆઈએન :** L25200GJ1973PLC002436

**રજી. ઓફિસ :** ૫મો માળ, ઓહમ હાઉસ-II, ઓહમ બીઝનેસ પાર્ક, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩, ગુજરાત.

**ફોન :** +૯૧ (૨૬૫) ૨૩૦૩૨૦૧ **ફેકસ :** +૯૧ (૨૬૫) ૨૩૦૩૨૦૩

**ઈ-મેઈલ :** INSTY.secshare@ineos.com | **વેબસાઈટ :** www.ineosstyrolutionindia.com

**પોસ્ટલ બેલેટ નોટિસ**

**આથી સૂચના આપવામાં આવે છે કે,** ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ (કંપની) કંપનીઝ એક્ટ, ૨૦૧૩ (એક્ટ)ની કલમ ૧૧૦ તેમજ જો લાગુ પડતી હોય તેવી અન્ય કોઈ કલમો હોય તો તેના હેઠળ તેમજ કંપનીઝ (મેનેજમેંટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ના રૂલ્સ ૨૦, ૨૨ અને અન્ય લાગુ પડતા રૂલ્સ તેમજ ધી સિક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડિસ્કલોઝર રીકવાયરમેંટસ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ (લિસ્ટીંગ રેગ્યુલેશન્સ) સાથેની સમન્વીત જોગવાઈઓ તેમજ તેમાં કરવામાં આવેલ કોઈપણ સુધારા(ઓ), એમેન્ડમેંટસ, અથવા રી-એનેક્ટમેંટસ અને જે સમયાંતરે અમલમાં હોય અને જે હવે પછી લાગુ થવાનાં હોય તેના અન્વયે, પોસ્ટલ બેલેટ તથા ઈલેક્ટ્રોનીક્સ માધ્યમ (ઈ-વોટીંગ) દ્વારા શેરધારકો પાસેથી "ખાસ ઠરાવ" મારફતે નીચે જણાવેલી બાબતોમા સંમતિ માંગે છે.

| બાબત | ઠરાવ |
|---|---|
| ૧ | કંપનીના ઈક્વીટી શેર્સના બીએસઈ લિમિટેડ **(બીએસઈ)** અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ **(એનએસઈ)** માંથી સ્વૈચ્છીક ડિલીસ્ટીંગ માટે તેમજ મેટ્રોપોલીટન સ્ટોક એક્ચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ **(એમએસઈ)** માંથી પરમીટેડ ટુ ટ્રેડનું સ્ટેટસ પાછું ખેંચવા માટેની સંમતિ મેળવવા બાબત |

**આથી શેરધારકોને જણાવવામાં આવે છે કે:**

(i) કંપનીએ તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૯ની પોસ્ટલ બેલેટને લગતી સૂચના **(પોસ્ટલ બેલેટ નોટિસ)** ની રવાનગી અત્રે જણાવ્યા પ્રમાણે પૂરી કરી છે (અ) જેમના ઈમેઈલ આઈડી કંપની પાસે કે કંપનીના ડિપોઝીટરી પાસે નોંધાયેલ છે તેમને ઈમેઈલ દ્વારા, (બ) એવા શેરધારકો જેમના ઈમેઈલ આઈડી કંપની ડિપોઝીટરી પાસે નોંધાયેલ નથી તેમને પોસ્ટલ બેલેટનું ફોર્મ ધરાવતા અને ટપાલ ખર્ચ ચૂકવેલા સેલ્ફ એડ્રેસ્ડ બીઝનેસ રીપ્લાય એન્વલપ્સ દ્વારા, યોગ્ય માધ્યમથી તા. ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ ભૌતિક નકલો રૂપે મોકલી આપવામાં આવ્યા છે.

(ii) ઈવોટીંગના હેતુસર, કંપનીએ લીન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડની સેવાઓ લીધી છે. પોસ્ટલ બેલેટ નોટિસમાં ઈ-વોટીંગ કરવાની કાર્યપદ્ધતિની વિગતવાર સૂચનાઓ આપેલ છે. કંપનીએ શ્રી દેવેશ પાઠક, પ્રેક્ટીસીંગ કંપની સેક્રેટરીની, ટપાલ મતદાનની પ્રક્રિયા વાજબી અને પારદર્શક રીતે યોજવા માટેના સ્ક્રુટીનાઈઝર તરીકે નિમણૂંક કરી છે.

(iii) **કટ-ઓફ ડેટ : તા. ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૯** ના રોજ જે શેરધારકોનું નામ કંપનીના રજીસ્ટર ઓફ મેમ્બર્સ/લીસ્ટ ઓફ બેનીફિસ્યલ ઓનર્સમાં સમાવિષ્ઠ છે, તેઓને ભૌતિક પોસ્ટલ બેલેટ ફોર્મ દ્વારા અથવા ઈ-વોટીંગના માધ્યમથી મતદાન કરવા માટે અધિકૃત ગણવામાં આવશે. તા. ૨૩ મી ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ જે શેરધારક નથી તેઓએ આ સૂચના માત્ર જાણકારી માટે મોકલી છે તેમ સમજવું.

(iv) શેરધારક મતદાનનાફક્ત કોઈ એક માધ્યમની પસંદગી કરી શકે છે. એટલે કે તે પોસ્ટલ બેલેટ ફોર્મ દ્વારા કે ઈ-વોટીંગથી મતદાન કરવું એ પસંદ કરી શકે છે. જો કોઈ શેરધારક બંને પ્રકારે મતદાન કરશે તો, ઈ-વોટીંગથી કરેલું મતદાન જ માન્ય રાખવામાં આવશે અને પોસ્ટલ બેલેટથી તેણે કરેલું મતદાન અમાન્ય ગણાશે.

(v) **ઈવોટીંગ તેમજ પોસ્ટલ બેલેટની મુદત :** પોસ્ટલ બેલેટ ફોર્મ દ્વારા તેમજ ઈ-વોટીંગના માધ્યમથી મતદાનનો પ્રારંભ **શનિવાર, તા. ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૯** (સવારના ૯:૦૦ કલાકથી) થશે અને **રવિવાર, તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૯**ના રોજ સાંજના ૫:૦૦ વાગ્યા સુધી ચાલશે. યોગ્ય રીતે મતદાન કરેલા પોસ્ટલ બેલેટ સ્ક્રુટીનાઈઝરને **તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૯** ના રોજ સાંજના ૫:૦૦ વાગ્યા સુધીમાં મળી જવા જરૂરી છે. ઈ-વોટીંગ દ્વારા મતદાનની મુદત પણ **તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૯** ના રોજ સંજના ૫:૦૦ વાગે પૂરી થઈ જશે. આ તારીખ અને સમય પછી મળેલો કોઈપણ મત, મળ્યો જ નથી એવો ગણાશે.

(vi) કંપનીની વેબસાઈટ www.ineosstyrolutionindia.com પર પોસ્ટલ બેલેટ ફોર્મ અને સૂચનાઓ ઉપલબ્ધ છે. જે શેરધારકોનું પોસ્ટલ બેલેટને લગતી સૂચના ટપાલ દ્વારા અથવા ઈ-મેઈલ દ્વારા ન મળી હોય અને જેમને ભૌતિક પોસ્ટલ બેલેટથી મતદાન કરવાની ઈચ્છા હોય, તેઓ પોસ્ટલ બેલેટ ફોર્મને કંપનીની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકશે અથવા તેઓ પોસ્ટલ બેલેટ ફોર્મ મેળવવા માટે ઈ-મેઈલથી vadodara@linkintime.co.in ને વિનંતી પાઠવી શકશે.

આ સંદર્ભમાં કોઈપણ પૃચ્છા હોય તો, શેરધારકો માટેની ફ્રીકવન્ટલી આસ્કડ ક્વેશ્ચન્સ (એફએક્યુઝ) અને શેરધરાકો માટેની instavotee-voting મેન્યુઅલ જે https://instavote.linkintime.co.in જે હેલ્પ સેકશનમાં ઉપલબ્ધ છે તે જોઈ લેવું અથવા enotices@linkintime.co.in ને ઈમેઈલ અથવા +91 (22) 49186000, પર કોલ કરવો અથવા અત્રે આપવામાં આવેલી સંપર્કની વિગતો અનુસાર નીચે સહી કરનારનો સંપર્ક કરવો.

નિયામક મંડળના આદેશથી
**ઈનીઓસ સ્ટાયરોલ્યુશન ઈન્ડિયા લિમિટેડ વતી**
સહી / -
**અભિજાત સિન્હા**
હેડ-લીગલ અને કંપની સેક્રેટરી

**તારીખ :** ઓગસ્ટ, ૩૦, ૨૦૧૯
**સ્થળ :** વડોદરા